સંક્ષિપ્ત સમાચાર

ગોધરામાં દિવ્યાંગોને સાધન-સહાય અને યોજનાકીય લાભો અપાયા

ગોધરા : મહાત્મા ગાંધી જયંતી નિમિત્તે સેવા મેરા યોગદાન કાર્યક્રમ અંતર્ગત પંચમહાલ જિલ્લાના મુખ્ય મથક ગોધરા ખાતે સ્થિત બહેરા મૂંગા વિદ્યાલય (બામરોલી રોડ) ખાતે દિવ્યાંગ લાભાર્થીઓ માટે સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ (ગાંધીનગર)ના માર્ગદર્શન હેઠળ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી અને બાળ સુરક્ષા એકમ, ગોધરાના સંયુક્ત ઉપક્રમે આ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન સમાજ સુરક્ષા કચેરી દ્વારા દિવ્યાંગ લાભાર્થીઓને T.L.M. કિટ, ફોલ્ડિંગ વ્હીલચેર, બસ-પાસ અને હિયરિંગ એઇડનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, પાલક માતા-પિતા યોજના, સંત સૂરદાસ યોજના તથા દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળના મંજૂરી હુકમો આપીને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભો એનાયત કરવામાં આવ્યા હતા.

દાહોદના યુવાન આઝાદ મકવાણાએ ફ્રાન્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું

દાહોદ : દાહોદ જિલ્લાના લીમડી તાલુકાના મુણધા ગામના સામાન્ય પરિવારના સંતાન અને વૈજ્ઞાનિક સંશોધન અધિકારી આઝાદભાઈ મકવાણાએ ફ્રાન્સ ખાતે આંતરરાષ્ટ્રીય સ્તરે દેશ અને આદિવાસી સમાજનું નામ રોશન કર્યું છે. તેમણે વિશ્વના સાત દેશોની સહભાગીદારી ધરાવતા મહત્વપૂર્ણ 'ITER' (Interna-tional Thermonu-clear Experimental Reactor)પ્રોજેક્ટની બેઠકમાં ભારતનું સફળ પ્રતિનિધિત્વ કર્યું છU. ITER એ સૂર્ય પર થતી પરમાણુ સંલયન (Nuclear Fusion) પ્રક્રિયાનો પૃથ્વી પર અભ્યાસ કરી ભવિષ્ય માટે સ્વચ્છ અને અખૂટ ઊર્જા ઉત્પન્ન કરવાનો એક અદ્યતન વૈશ્વિક સંશોધન પ્રોજેક્ટ છે.મુણધા જેવા ગ્રામીણ વિસ્તારથી ફ્રાન્સ સુધીની આઝાદભાઈની આ સફર સમગ્ર દાહોદ જિલ્લા અને આદિવાસી સમાજ માટે ગૌરવરૂપ છે. તેમની આ સિદ્ધિથી પ્રેરિત થઈને અનેક યુવાનો વિજ્ઞાન અને સંશોધન ક્ષેત્રે આગળ વધશે તેવી આશા વ્યક્ત કરી દેશભર માંથી તેમના પર અભિનંદન અને શુભેચ્છાઓનો વરસાદ થઈ રહ્યો છે.

તારમી ગ્રામ પંચાયતની ગ્રામસભાનો ગ્રામજનોએ કર્યો બહિષ્કાર

સિંગવડ : સિંગવડ તાલુકાની તારમી ગ્રામ પંચાયત 2 ઓગસ્ટે યોજાયેલી ગ્રામસભાનો તારમી છાપરી વિસ્તારના ગ્રામજનોએ બહિષ્કાર કર્યો હતો. ગ્રામસભાનું આયોજન સરકારના એજન્ડા મુજબ ન થતું હોવાનો આક્ષેપ કરી ગ્રામજનોએ ફરીથી ગ્રામસભા યોજવાની માંગ કરી હતી ગ્રામજનોના જણાવ્યા અનુસાર, આજની ગ્રામસભામાં તારમી ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ સહિત પંચાયતના કેટલાક સભ્યો ગેરહાજર રહ્યા હતા. ચૂંટાયેલા પ્રતિનિધિઓ ગ્રામસભામાં હાજર રહીને ગ્રામજનોના પ્રશ્નો સાંભળે અને પંચાયતની કામગીરી અંગે જવાબદારીપૂર્વક ચર્ચા કરે તેવી લોકોની અપેક્ષા હતી. ગ્રામજનોએ રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ગ્રામસભા એ ગામના વિકાસ અને લોકભાગીદારી માટેનું સૌથી મહત્વપૂર્ણ મંચ છે. પરંતુ સરકારશ્રીના નિયત એજન્ડા પ્રમાણે ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું ન હતું

હાલોલ APMC ખાતે પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્ર કાર્યરત થતાં ખેડૂતોમાં ખુશી

હાલોલ : રાજ્યમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા અને ખેડૂતોને તેમની પેદાશોનું યોગ્ય વળતર મળી રહે તે હેતુથી આજે પંચમહાલ જિલ્લાના હાલોલ APMC ખાતે તાલુકા કક્ષાના 'પ્રાકૃતિક કૃષિ પેદાશ વેચાણ કેન્દ્ર'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રાજ્યભરમાં આશરે ૧૦૦ જેટલા વેચાણ કેન્દ્રોના પ્રારંભ અંતર્ગત પંચમહાલ જિલ્લામાં પણ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો માટે આ મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. પંચમહાલ જિલ્લામાં અન્ય ૧૧ કાયમી પ્રાકૃતિક કૃષિ પેદાશ વેચાણ કેન્દ્રોનું બાંધકામ પ્રગતિ હેઠળ છે. જેમાં ગોધરા ખાતે ૦૪, હાલોલ ખાતે ૦૨, શહેરા ખાતે ૦૧, મોરવા (હ) ખાતે ૦૧, કાલોલ ખાતે ૦૧, ઘોઘંબા ખાતે ૦૧ અને જાંબુઘોડા ખાતે ૦૧ કેન્દ્રનો સમાવેશ થાય છે. આ તમામ કેન્દ્રો તૈયાર થતાં જ ખેડૂતો માટે ખુલ્લા મુકાશે. અત્રે ઉલ્લેખનીય છેકે,પ્રાકૃતિક કૃષિ એ જમીનનું સ્વાસ્થ્ય, પાણીનું સંરક્ષણ અને ઉત્પાદન ખર્ચ ઘટાડવાની એક સમગ્ર વિચારધારા છે.

ટીહી ટનલમાં ૮૯% ટ્રેકનું કામ પૂર્ણ થયું, હવે માત્ર ૪૦૬ મીટરનું કામ બાકી

ઈન્દોર-દાહોદ રેલ પરિયોજનાની કામગીરી વધુ વેગવંતી બની

(પ્રતિનિધી) દાહોદ, તા.3 ઓગસ્ટમાં ટનલની લાઈનિંગનું કામ પૂર્ણ થયાનું તેમજ ઈન્દોર દાહોદ નવી રેલ લાઈન પરીયોજનાના ટીહી-પીચમપુર વચ્ચે લાંબી ટીહી ટનલ હાલ નિર્માણના અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. બકુલ મીટર પૈકી ૨૫૫૧ મીટર બેલાસ્ટ લેક(બીએલટીનું કામ પૂર્ણ માત્ર છુટ રહ્યું છે. આ રીતે ટનલના લગભગ ૮૯% ભાગમાં શ્રમવિશ્વ અવ. ટ્રેકનું ૨૫૫૧ મીટર કામ પૂર્ણ. . ટનલના નિર્માણમાં સૌથી મહત્વપૂર્ણ તબક્કામાં સામેલ બેલાસ્ટલેસ ટ્રેકનું કામ પણ ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યું છે. ૨૯૫૭ મીટર લાંબી ટનલ પૈકીના ૨૫૫૧ મીટરના ભાગમાં બીએલટી પૂર્ણ થઈ ચૂક્યું છે જ્યારે બાકીના ૪૦૬ મીટરમા કામ કરવાનું બાકી છે. રેકનો આ તબક્કો પૂર્ણ થઈ ગયા બાદ ટનલ ને રેલ પરિચાલનની દિશામાં આગળ વધારવા માટે સંલગ્ન અન્ય કામો પણ પૂર્ણ લાઈનિંગ પૂર્ણ, ડ્રેનેજ અને કોક્રીટ કરવામાં આવશે. પૂર્ણ થઈ ચૂક્યું છે. ટનલની બહાર ડ્રેનેજ સાથે જોડાયેલા ગામમાં પણ ૫૧૦ મીટર લાંબુ ખોદકામ થઈ ચૂક્યું છે. જ્યારે પીસીસી, રિઈન્ફોર્સમેન્ટ, અન્ય નિર્માણ કામ થઈ રહ્યા છે. બેકફિલ કીટનું મોટાભાગનું કામ પૂર્ણ ટનલ સાથે સંકળાયેલ બેકફિલ નું કામ પણ ઘણું આગળ વધી ગયું છે રિપોર્ટમાં ૧૮૦૦ ઘનમીટર ૧૫૨૩ ઘન મીટર બેકફીલ કોક્રીટ દર્શાવાયું છે. એ જ રીતે કન એન્ડ કવર પી-૧ ભાગમાં ૨૩૦૦૦ ઘન મીટર પૈકી ૨૨, ૨૦૦ ઘન મીટર ફિલિંગનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે. જેથી આ મોટા ભાગનું નિર્માણ કાર્ય પૂર્ણતાના આરે છે. રેસ્ક્યુ સાફ અને વેન્ટિલેશનનું કામ પણ પ્રગતિમાં ટનલની વ્યવસ્થાથી સંકળાયેલા નિર્માણમાં પણ પ્રગતિ થઈ છે. રેસ્ક્યુ સાફટની ૨૩ માંથી ૧૭ લિફ્ટ માં ફાર્મ વર્ક અને કોક્રીટનું કામ પણ પૂર્ણ થઈ ચૂક્યું છે. સ્ટેયર કેસ વાલની ૨૨ માંથી પોર્ટલ -૨ નું કામ પૂર્ણ ટનલના પોર્ટલ-૨ ભાગમાં રીઈન્ફોર્સમેન્ , ફાર્મ વર્ક, અને કોક્રીટથી સંલગ્ન તમામ ૧૮ લિફ્ટનું કામ પૂરું થઈ ચૂક્યું છે. જેથી ટનલના એન્ટ્રી અને એક્ઝિટથી સંલગ્ન નિર્માણનો આ સાફ્ટ કોક્રીટ અને પ્રથમ લિફ્ટની દિવાલનું કોક્રીટ કામ ૩૦૮ મીટરસુધી થઈ ચૂક્યું છે.

વન વિભાગ અને જીવદયા પ્રેમીઓએ સફળ રેસ્ક્યુ કર્યું

બરોલા ગામે ફલાપિનો ફૂડ્સ કંપનીમાં મહાકાય મગર ઘૂસી આવતા અફરાતફરી

(પ્રતિનિધી) કાલોલ, તા.3 કાલોલ તાલુકાના બરોલા ગામે આવેલી 'ફલાપિનો ફૂડ્સ પ્રાઈવેટ લિમિટેડ' કંપનીમાં મોડી રાત્રે એક મહાકાય મગર આવી પહોંચતાં કંપની પરિસરમાં ભારે ભય અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, કંપનીમાં રાત્રિ દરમિયાન સ્થાનિક મજૂરો સૂઈ રહ્યા હતા ત્યારે અચાનક શંકાસ્પદ અવાજ સંભળાયો હતો. જેથી મજૂરોએ જાગીને બાઈકની લાઈટ ચાલુ કરી તપાસ કરતા સામે જ એક મહાકાય મગર નજરે પડ્યો હતો. પરિસરમાં વિશાળકાય મગરને જોઈને મજૂરોમાં ફાટી નીકળેલા ભયના કારણે તુરંત જ કંપનીના માલિકને જાણ કરવામાં આવી હતી. બનાવની ગંભીરતા જોઈ કંપનીના માલિકે તાત્કાલિક સ્થળ પર પહોંચી વેજલપુર ફોરેસ્ટ વિભાગનો સંપર્ક કર્યો હતો.

નશાબંધી સપ્તાહ ઉજવણીનો શુભારંભ

ભીલ સેવા મંડળ સંચાલિત ઉત્તર બુનિયાદી આશ્રમશાળા મીરાખેડી ખાતે નશાબંધી કાર્યક્રમ

મંડળના પ્રમુખ શાંતિભાઈ નીનામા ના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવ્યો

(પ્રતિનિધી) દાહોદ, તા.3 નશાબંધી અને આબકારી કચેરી દાહોદ અને શ્રી વનવાસી મહિલા વિકાસ મંડળ ચુંદડી ના સંયુક્ત ઉપક્રમે દાહોદ જિલ્લાનો નશાબંધી સપ્તાહ ઉજવણી કાર્યક્રમ ભીલ સેવા મંડળ દાહોદના પ્રમુખ શાંતિભાઈ નીનામા ના અધ્યક્ષ સ્થાને આશ્રમશાળા મીરાખેડી ખાતે શુભારંભ કરવામાં આવ્યો. આ પ્રસંગે જિલ્લા નશાબંધી અધિક્ષક જે .એચ.ચૌધરી તથા મધ્ય ગુજરાત અનુસૂચિત જાતિ કેળવણી મંડળ ના મંત્રી કિરણસિંહ ચાવડા અને મીરાખેડી ના પ્રથમ સરપંચ ભાનુબેન ની વિશેષ ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય થી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો. મીરાખેડી ના પૂર્વ સરપંચ રાકેશભાઈ, સમાજ સુરક્ષા અધિકારી આર. વી.ખાટા, નશાબંધી સબ ઈન્સ્પેક્ટર પી. એન. પરમાર, ભીલ સેવા મંડળ ના હિસાબનીશ કમલેશભાઈ ચૌહાણ, મીરાખેડી ના ડેપ્યુટી સરપંચ, શાળાના આચાર્ય ભાભોરજી,કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

કિરણસિંહ ચાવડાએ તેમના ઉદબોધનમાં નશાબંધી સપ્તાહ અંગેની સમજ તેમજ વિદ્યાર્થીઓને વ્યસન મુક્ત રહેવા માટે અને તેઓ ને વ્યસનથી થતા ગેરફાયદા ની સમજ આપી હતી, વધુમાં તેમને જણાવ્યું કે દારૂ ઘટાડે આબરૂ, જુગાર ઘટાડે ઈમાન ,બીડી ઘટાડે બુદ્ધિને ,માવો ઘટાડે માન.ભવિષ્યમાં કદીએ વ્યસન ન કરવા માટે પ્રતિજ્ઞા લેવડાવી હતી.

કાલોલ પાસે ગેરકાયદેસર સાદી રેતીનુ વહન કરતું ટ્રેક્ટર ઝડપાયું

(પ્રતિનિધી) કાલોલ, તા.૩ કાલોલ મામલતદાર અને સર્કલ ઓફિસર દ્વારા હાથ ધરવામાં આવેલા ચેકિંગ દરમિયાન ગેરકાયદેસર ખનીજ વહન કરતું એક વાહન ઝડપી પાડવામાં આવ્યું છે.

મળતી માહિતી મુજબ, શામળદેવી સ્થળે હાથ ધરાયેલા ચેકિંગ દરમિયાન GJ 27 U 5044 નંબરનું ટ્રેક્ટર રોકીને તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન વાહનમાં આશરે 4 મેટ્રિક ટન સાદી રેતી ખનીજ ભરેલું મળી આવ્યું હતું. મામલતદાર ટીમ દ્વારા ભૂસ્તરશાસ્ત્ર અને ખનીજ ખાતાના નિયમ મુજબ માન્ય ઈ-રોયલ્ટી પાસ, ડિલિવરી ચલાણ કે કાંટા પાવતી જેવા જરૂરી આધાર-પુરાવા માંગવામાં આવ્યા હતા. પરંતુ વાહન ચાલક/માલિક રોયલ્ટી પાસ રજૂ કરી શક્યા ન હતા અને રોયલ્ટી પાસ વગર ગેરકાયદેસર ખનીજ વહન કરતા હોવાનું સામે આવ્યું હતું.

ગ્રામસભા માટે ગયેલા તલાટી અને ગ્રામજનો પરત ફર્યા

શહેરાના નાંદરવા ગામે પંચાયત કચેરીને તાળાબંધી

(પ્રતિનિધી) ગોધરા, તા.3 શહેરા તાલુકાના નાંદરવા ગામે ૨ ઓક્ટોબર, ગાંધી જયંતીના દિવસે યોજાનારી ગ્રામસભા પંચાયત કચેરીને તાળાં હોવાને કારણે યોજાઈ શકી ન હતી. સરકારના નિર્ધારિત કાર્યક્રમ મુજબ ગ્રામસભા માટે પહોંચેલા ગ્રામજનો અને ઈન્ચાર્જ તલાટી-કમ-મંત્રીને પંચાયતના મુખ્ય ગેટ પર તાળાં લાગેલા જોવા મળતાં તેઓને બહારથી જ પરત ફરવાની નોબત આવી હતી. આ મહત્વના દિવસે સરપંચ અને પંચાયતના અન્ય સભ્યોની કથિત ગેરહાજરીએ સમગ્ર ઘટના અંગે અનેક સવાલો ઊભા કર્યા છે. આ ઘટના બાદ ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોએ આક્ષેપ કર્યો છે કે કોઈ અનધિકૃત વ્યક્તિ દ્વારા સરકારી મકાનને તાળું મારવામાં આવ્યું છે. જેની સઘન તપાસ થવી જોઈએ. જો કોઈ કારણસર કચેરી બંધ રાખવાની હતી તો તેની જવાબદારી કોની હતી તેવો પ્રશ્ન પણ ગ્રામજનો ઉઠાવી રહ્યા છે. લોકોની માંગ છે કે સરકારી નિયમોનું ઉલ્લંઘન કરનાર જવાબદારો સામે યોગ્ય પગલાં લેવાય.

વારાણસીથી વડનગર બાઈક યાત્રાનું ઝાલોદમાં ભવ્ય સ્વાગત

ઝાલોદ : સેવા સંકલ્પ અભિયાન-૨૦૨૬ અંતર્ગત તા. ૧૭ સપ્ટેમ્બરે વારાણસીથી પ્રસ્થાન કરેલી 'વારાણસીથી વડનગર બાઈક યાત્રા'નું શનિવારે દાહોદ જિલ્લાના ઝાલોદ વિધાનસભા મતવિસ્તારમાં ભવ્ય આગમન થયું હતું. રાજસ્થાનના કુશલગઢથી ગુજરાત-રાજસ્થાન બોર્ડર પર પહોંચેલી યાત્રાનું ઝાલોદ તાલુકાના ઠુઠી કંકાસીયા ખાતે આતશબાજી સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં બાઈક સવાર કાર્યકરો જોડાતા 'જય શ્રી રામ', 'વંદે માતરમ્' અને 'ભારત માતા કી જય'ના જયઘોષથી સમગ્ર વિસ્તાર ગુંજી ઉઠ્યો હતો.

પાવાગઢ મહાકાળી શક્તિ પીઠ ખાતે કેપ્ટન સ્મિત મચ્છર માટે વિશેષ પ્રાર્થના

(પ્રતિનિધી) હાલોલ, તા.3 નર્મદા મિશનના દાદાગુરુ, અખંડ નિરાહારી મહાયોગીના સાનિધ્યમાં કેપ્ટન સ્મિત માટે વિશેષ પ્રાર્થના કરવામાં આવી. શ્રી મહાકાળી માતાના ચરણોમાં તેમના સંપૂર્ણ આરોગ્ય અને દીર્ઘાયુ માટે ભાવપૂર્વક પ્રાર્થના અર્પણ કરવામાં આવી. શ્રી મહાકાળી મંદિરના દર્શન અને ધ્વજારોહણ પ્રસંગે મંદિરના સેક્રેટરી અશોકભાઈ સુશીલચંદ્ર પંડ્યાજીએ વિશેષ પ્રાર્થના કરાવી. પૂર્વ સાંસદ ભરતસિંહ પરમાર, શ્રીમતી કીર્તિબેન પરમાર, ડૉ. રાજુ એમ. ઠક્કર સહિત

ભક્તજનોએ પ્રાર્થનામાં જોડાઈ કેપ્ટન સ્મિતના શીઘ્ર સ્વાસ્થ્ય માટે માતાજીના ચરણોમાં પ્રાર્થના કરી.

વનવિભાગ દ્વારા બંને દીપડાઓને પાંજરે પૂરવાની માંગ બુલંદ બની

કાલોલના વાંટા (સુરેલી) ગામમાં બે દીપડાઓનો આતંક, શ્વાનનુ મારણ કર્યું

દિપડાઓના આતંકની ખબરથી ગામલોકોમાં ભયનો માહોલ

(પ્રતિનિધી) કાલોલ, તા.3 પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના વાંટા (સુરેલી) ગામમાં સમી સાંજે રાત્રિના આશરે ૯ વાગ્યાના અરસામાં બે દીપડાઓ અચાનક આવી પહોંચતા ગામમાં અફરાતફરી મચી ગઈ હતી. બે દીપડાઓની સામૂહિક અવરજવરને કારણે ગ્રામજનોમાં ભારે ભય અને ચિંતાની લાગણી ફેલાઈ ગઈ છે. શ્વાન પર હુમલો કરી ફાડી ખાધું ગામમાં ઘૂસી આવેલા દીપડાઓએ એક શ્વાન પર હુમલો કરી તેને ફાડી ખાધું હતું. આ શિકારની ઘટનાથી ગ્રામજનોમાં વધુ ફફડાટ વ્યાપી ગયો છે અને લોકો પોતાના તથા પશુઓના રક્ષણ માટે ચિંતિત બન્યા છે. વન વિભાગ પાસે પાંજરું મુકવા માંગ રહેણાંક વિસ્તારમાં દીપડાઓની સક્રિયતા વધી જતાં ગ્રામજનો રાત્રિના સમયે બહાર નીકળતા પણ ડરી રહ્યા છે.

પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને રાખીને સ્થાનિક લોકોએ વન વિભાગ સમક્ષ તાત્કાલિક ધોરણે કાર્યવાહી કરી, ગામમાં પાંજરું મૂકીને બંને દીપડાઓને સબળ રીતે પાંજરે પૂરવાની અપીલ અને કડક માંગ કરી છે.

SD Pay-Apna Pay પોંજી સ્કીમનો રેલો દાહોદ પહોંચ્યો

કૌભાંડીઓએ દાહોદમાં બે શિક્ષકોને રૂ.૪૩ લાખનો ચુનો લગાવી દીધો

(પ્રતિનિધી) દાહોદ, તા.૩ ગુજરાત સહિત દેશભરમાં આચરેલા ૬૩૪ કરોડના કૌભાંડમાં દાહોદના બે સેક્સકો પણ ઠગાયા સમગ્ર ગુજરાતમાં ચર્ચાસ્પદ બનેલા SD Pay Apna Pay એપ્લિકેશન મારફતે ચાલતા કથિત પૉંજી સ્કીમ કૌભાંડનો પર્દાફાશ થયો છે. જેમાં દાહોદમાં બે અલગ અલગ જગ્યાએ શિક્ષક તરીકે નોકરી કરતા ઈસમો પાસેથી ભેજાબાજોએ ૪૨. લાખ જેટલી માતબર રકમની છેતરપિંડી કરી હોવાનું સામે આવતા દાહોદમાં પણ મુખ્ય સૂત્રધાર સહિત તમામ સંડોવાયેલાઓ સામે સાયબર ક્રાઈમ પોલીસ મથકે ગુનો નોંધાયો છે. ઉપરોક્ત પ્રકરણમાં બંને શિક્ષક અગતર મા અશરણ ટૂંકા ગાળામાં અને રેફરલ બોનસની લાલચ આપી મોટી રકમ એકત્ર કરવામાં આવી હોવાનો મામલો સામે આવ્યો છે. દાહોદ સિવાય ગુજરાત સહિત અલગ અલગ રાજ્યમાં આ જ પ્રકારના ગુનામાં પ્રાથમિક તપાસમાં આ નેટવર્ક સાથે જોડાયેલી સાત જેટલી બોગસ કંપનીઓના ૧૫ બેંક ખાતાઓમાં રૂ. ૯૩૪ કરોડથી વધુના ટ્રાન્ઝેક્શન અને જમા રકમ મળી આવી હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. દાહોદ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ ભાઠીવાડા વિસ્તારમાં નોકરી કરતા ગિરીશભાઈ પુંજાભાઈ પટેલે ૨૦ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ SD Pay એપ્લિકેશન મારફતે રૂ. ૨૧.૪૩ લાખનું રોકાણ કર્યું હતું. જ્યારે તુપાર કુમાર રમેશભાઈ પરમારે ૭ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ રૂ. ૨૦,૯૧,૧૮૭નું ઓનલાઈન રોકાણ કર્યું હતું. ત્યારબાદ એપ્લિકેશનમાં ગિરીશભાઈના ખાતામાં રૂ. ૪૯.૭૮ લાખ અને તુપાર કુમારના ખાતામાં રૂ. ૪૯.૩૩ લાખ જેટલી મળવાપાત્ર રકમ દર્શાવવામાં આવી હતી.

સુખસર ખાતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ કાર્યક્રમ યોજવામાં આવ્યો

(પ્રતિનિધી) સુખસર, તા.૩ 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત વારાણસીથી વડનગર 'સેવા યાત્રા' બાઈક રેલીનું દાહોદ જિલ્લાના સુખસર ખાતે ઉત્સાહભેર આગમન થયું હતું. સુખસર તાલુકાના લખાણિયા ગામે પહોંચતા જ ગ્રામજનો દ્વારા પુષ્પવર્ષા કરીને સેવા યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને રેલીને હૃદયપૂર્વક વધાવી લેવામાં આવી હતી.

સુખસર આગમન દરમિયાન યાત્રાના સભ્યો દ્વારા ગુરુ ગોવિંદની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ આ બાઈક રેલી સુખસર સ્થિત કૃષિ પ્રાથમિક શાળા ખાતે પહોંચી હતી કૃષિ પ્રાથમિક શાળા ખાતે 'એક પેડ મા કે નામ ૩.૦' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ તેમજ સામાજિક ઉત્તરદાયિત્વના ભાગરૂપે રક્તદાન કેમ્પનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બહોળી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે કૃષિ પ્રાથમિક શાળા પરિસરમાં 'પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ' યોજાયો હતો. જેમાં પ્રાકૃતિક ખેતી કરતા સ્થાનિક ખેડૂતોએ ઉપસ્થિત રહીને પ્રાકૃતિક ખેત પદ્ધતિઓ, તેના ઉપયોગ અને જમીન તેમજ સ્વાસ્થ્ય માટે પ્રાકૃતિક ખેતીથી થતા વિવિધ ફાયદાઓ વિશે વિગતવાર માહિતી અને પોતાના અનુભવો શેર કર્યા હતા.

જાહેર નોટીસ — અરજદારના વ.શ્રી એ.એમ.વસૈયા

ઝાલોદના મહે. એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ની કોર્ટમાં, મુ. ઝાલોદ

ક્રિ. પ. અર. નં. ૫૨૬/૨૦૨૬ મુદત તારીખ-૦૯/૧૦/૨૦૨૬

અરજદારઃ ભાભોર નરસિંગભાઇ ખાતૂભાઇ રહેવાસી ધાવડીયા, તા. ઝાલોદ, જી. દાહોદ

સામાવાળાઃ તલાટી કમ મંત્રી, ધાવડીયા ગ્રામ પંચાયત ધાવડીયા, તા. ઝાલોદ, જી. દાહોદ

બાબતઃ જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) મુજબ

આથી આ નોટીસથી જાહેર જનતા તેમજ લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઇસમોને આ નોટીસથી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદારના ભત્રીજા ભાભોર રાજુભાઇ સમસુભાઇ નો જન્મ તા. ૦૧/૦૧/૧૯૯૮ ના રોજ તેમના ઘરે થયેલ, જે તે સમયે કાયદાના અજ્ઞાનતા અને અભણ હોવાના કારણે તેમના ભત્રીજાના જન્મ નોંધણી સામાવાળા ત.ક.મંત્રીના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ, હાલમા તેઓની ભત્રીજાના અન્ય સરકારી કામકાજ માટે જન્મના દાખલાની જરૂર પડેલ જેથી સામાવાળા ત.ક.મંત્રીને અરજી કરતા રેકર્ડ તપાસી તા. ૨૩/૦૯/૨૦૨૬ના રોજ એવો દાખલો લખી આપેલ કે, તેમની પુત્રનુ જન્મ રજીસ્ટરમાં નોંધાયેલ નથી અને જન્મનો દાખલો મેળવવા માટે અત્રેની નામદાર કોર્ટમાં ફોજદારી પરચુરણ અરજી નં. ૫૨૬/૨૦૨૬ થી થી દાખલ કરેલ છે. સદરહું જન્મનો દાખલો અરજદારના પુત્રને આપવા સામે જે કોઇ ઇસમો કે લાગતા વળગતાને વાંધો કે તકરાર હોય તો તેઓએ મુદત તારીખ - ૦૯/૧૦/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે નામદાર કોર્ટમાં વાંધો કે તકરાર રજુ કરવા. જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે હુકમ કરશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૦૩જી ઓક્ટોબર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર તથા મુકાબલ કરનાર (કે.પી.રાવત)સીની. કલાર્ક — કોર્ટનો સિક્કો — હુકમથી (જી.જી.પટેલ) રજીસ્ટ્રાર એડી.ચીફ જ્યુડી.મેજી. કોર્ટ, ઝાલોદ